જાવક નંબરઃ- ૬૩૦/૨૦૧૩
પોલીસ ઇન્સ્પેકટર ટ્રાફિક શાખા,
જામનગર તા.૨૫/૦૮/૨૦૧૩

<u>વિષયઃ</u>-જામનગર શહેરમાં ભારે તેમજ મધ્યમ પ્રકારના વાહનોના પ્રવેશબંધીના જાહેરનામાની નકલ મોકલવા બાબત.
અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન અમદાવાદ

<u>સંદર્ભઃ-</u> પોલીસ અધિક્ષકશ્રી જામનગર ના પત્ર ક્રમાંકઃ-સીબી/પ/ટ્રાફિક/૩૦૦૬/૨૦૧૩ તા.૧૮/૦૮/૨૦૧૩ અન્વયે.

સવિનય, જામનગર ટ્રાફિક શાખા ના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર એમ.એન.વાઘેલા નો ઉકત સંદર્ભ વિષય લગત વિનંતી રીપોર્ટ કે,

જામનગર શહેરમાં ભારે તેમજ મધ્યમ પ્રકારના વાહનોના પ્રવેશબંધીના જાહેરનામાની નકલ બારોબાર રજીસ્ટર એ.ડી.મારફતે અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન અમદાવાદને મોકલી આપવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી જામનગરનાઓ તરફથી અત્રેની કચરી પત્ર મળેલ જે અન્વયે,

જામનગર શહેરમાં માનનીય જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી જામનગરનાઓએ બહાર પાડેલ ભારેવાહન પવેશબંધી જાહેરનામુ નં.ડીએમ/ડીસીએચ/૪૧૧૮/૨૦૧૧ તા.૨૦ જુલાઇ ૨૦૧૧ તથા ગ્રેઇન માર્કેટમાં ભારેવાહન પ્રવેશવા સંબંધે સુધારા જાહેરનામુ નં.ડીએમ/ડીસીએચ/૪૧૧૮/૨૦૧૧ તા.૨૮ જુલાઇ ૨૦૧૧ બહાર પાડેલ છે તે બન્ને જાહેરનામાની નીચે જણાવેલ સરનામા મુજબ નકલો આ બરાબર મોકલાવેલ છે.

(સહી)
(એમ.એન.વાઘેલા PSI)
I/Cપોલીસ ઇન્સ્પેકટર
ટ્રાફિક શાખા જામનગર

પ્રતિ,
અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન,
૭૫-સહજાનંદ શોપીંગ સેન્ટર,
શાહીબાગ અમદાવાદ
ફોન-ફેકસ.૦૭૯-૨૫૬૨૧૪૪૭
ઇ-મેલઃagtta.gujarat@yahoo.com

Akhil Gujarat Truck Transport Association
29-8-13

<u>નકલ સવિનય રવાના (જાણ સારૂ)</u>
પોલીસ અધિક્ષકશ્રી જામનગર જિલ્લો-જામનગર

નાં.ડીએમ/ડીસીએચ/૪૧૧૮/૨૦૧૧
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી
જામનગર.

2595951

## ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૩(૧)(ખ) હેઠળનુ જાહેરનામુ

પ્રસ્તાવના :–

જામનગર શહેર તથા તેની આસપાસના વિસ્તારના વિકાસના કારણે શહેરમાં વાહન વ્યવહારની અવર–જવર ખુબ જ વધુ પ્રમાણમાં રહે છે. જેથી જીવલેણ અકસ્માત અને ટ્રાફીકની સમસ્યા જટીલ બનવા પામેલ છે. અકસ્માતોનું પ્રમાણ નિયંત્રણમાં રહે તથા ટ્રાફીકની વ્યવસ્થા સલામત રીતે જળવાઈ રહે તે માટે નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિગતે તમામ પ્રકારના ટ્રક, ડમ્પર, ટેન્કર જેવા માલ વાહક વાહનોને જામનગર શહેરમાં પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવવા ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩(૧)(ખ) હેઠળ તા.૧૮/૩/૨૦૧૧ થી સરખા ક્રમાંકના જાહેરનામાનો મુસદો લોકોની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદરહુ જાહેરનામાનો મુસદો ગુજરાત રાજયના તા.૨૮/૩/૨૦૧૧ ના એકસ્ટ્રા ઓર્ડીનરી સરકારી ગેઝેટ નં.૨૩ ના ભાગ–૧ માં પાના નં. ૫૮ અને ૫૯ ઉપર પ્રસિધ્ધ થયેલ છે. તે તારીખથી ૩૦ દિવસની મુદતની અંદર આ કચેરીને રજુ થયેલા વાંધા–સુચનો પરત્વે પોલીસ અધિક્ષકશ્રીના રીમાર્કસ મેળવવામાં આવેલા છે. તા.૧૫/૭/૨૦૧૧ ની જિલ્લા ટ્રાફીક સલાહકાર સમિતીની બેઠકમાં જરૂરી ચર્ચા–વિચારણા કરવામાં આવેલ છે. તે અનુસાર આ જાહેરનામામાં આગળ જણાવેલ અપવાદો સાથે જામનગર શહેરમાં માલ વાહક ભારે વાહનોને પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવવા અંગેનુ જાહેરનામુ આખરી કરવામાં આવે છે.

–: આખરી જાહેરનામુ :–

જામનગર શહેરમાં રાહદારી તથા ટ્રાફીકની વ્યવસ્થા સરળતાથી જળવાઈ રહે તથા અકસ્માતો થાય નહી તે માટે માલવાહક ભારે વાહનોને નીચે પરિશિષ્ટમાં જણાવેલ વિગતે જામનગર શહેરમાં પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, જામનગર તરફથી દરખાસ્ત મળેલી છે. સદરહુ દરખાસ્ત વ્યાજબી અને યોગ્ય જણાય છે. તેથી હું, સંદીપ કુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૩(૧)(ખ) હેઠળ મને મળેલ સતાની રુઈએ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તમામ પ્રકારના ટ્રક, ડમ્પર, ટેન્કર જેવા માલ વાહક વાહનોને જામનગર શહેરમાં પ્રવેશવા ઉપર સવારના ૯:૦૦ થી ૨૨:૦૦ કલાક સુધીના સમય દરમ્યાન પ્રતિબંધ ફરમાવું છુ.

–: પ રિ શિ ષ્ટ :–

૧. રાજકોટ તરફથી જામનગર શહેર તરફ આવતા માલવાહક ભારે વાહનો સુભાષ બ્રિજ સુધી જ આવી શકશે, ત્યાંથી આગળ પ્રવેશ બંધ રહેશે.

૨. જુનાગઢ તરફથી કાલાવડ રોડ ઉપરથી જામનગર આવતા માલવાહક ભારે વાહનો મહાપ્રભુજીની બેઠક સુધી જ આવી શકશે, ત્યાંથી આગળ પ્રવેશ બંધ રહેશે.

૩. લાલપુર બાયપાસ થઈને જામનગર શહેર તરફ આવતા માલવાહક ભારે વાહનો પવનચકકી સુધી જ આવી શકશે, ત્યાંથી આગળ પ્રવેશ બંધ રહેશે.

૪. ખંભાલીયા–લાલપુર બાયપાસ તરફથી ઉધોગનગર તરફ આવતા માલવાહક ભારે વાહનો ગોકુલનગર જકાતનાકા થઈને ઉધોગનગરમાં જઈ શકશે, પરંતુ જકાતનાકાથી આગળ ઈન્દીરા રોડ પર સાત રસ્તા તરફ આવી શકશે નહી.

૫. ખંભાલીયા તરફથી આવતા માલવાહક ભારે વાહનો ખંભાલીયા–બાયપાસથી આગળ સમર્પણ હોસ્પીટલ સુધી આવી શકશે. ત્યાંથી નવા બનેલા રીંગ રોડ ઉપરથી સીધા દિગ્જામ વુલનમીલ પાસેથી બેડીબંદર તરફ જઈ શકશે. પરંતુ સમર્પણ હોસ્પીટલથી આગળ મેહુલ સીનેમેકસ કે તેથી આગળ તરફ આવી શકશે નહી.

..૨

૬. બંદર(બેડેશ્વર) તરફથી જામનગર તરફ આવતા માલવાહક ભારે વાહનો બેડેશ્વર મહાદેવ મંદિરથી આગળ પેટ્રોલપંપ સુધી આવી શકશે, પરંતુ ત્યાંથી આગળ ગાંધીનગર રેલ્વે ફાટક તરફ આવી શકશે નહી.

**-: અપવાદ :-**

૧) આ જાહેરનામુ સરકારી કે બોર્ડ નિગમના વાહનોને લાગુ પડશે નહી.

૨) આર.ટી.ઓ. માં પાસીંગ માટે આવતા વાહનોને બપોરના ૧૪-૦૦ થી ૧૬-૦૦ કલાક સુધી ભારે વાહન પ્રવેશબંધીના જાહેરનામામાંથી મુકિત રહેશે. આવા વાહનના ચાલકોએ પાસીંગના કામ માટે ભરેલ ફીની પહોંચ સાથે રાખવાની રહેશે.

૩) આવશ્યક ચીજ વસ્તુ ધારા હેઠળ સમાવિષ્ટ થતી હોય તેવી ચીજવસ્તુઓ/ ખાદ્ય પદાર્થો લઈને આવતા વાહનોને બપોરના ૧૪-૦૦ થી ૧૬-૦૦ કલાક સુધી ભારે વાહન પ્રવેશબંધીના જાહેરનામામાંથી મુકિત રહેશે. આવા વાહનના ચાલકોએ જે તે આવશ્યક ચીજ વસ્તુનુ બીલ સાથે રાખવાનું રહેશે.

૪) એમ.પી. શાહ ઉદ્યોગનગરમાં જવા માટે બેડેશ્વર તરફથી ગાંધીનગર રેલ્વે ફાટક, બ્રુક બોન્ડ થઈ શરૂ સેકશન રોડ પરથી પ્રવેશવાની મંજુરી એ શરતે રહેશે કે, પાણી પુરવઠા બોર્ડના બિલ્ડીગથી પોલીસ હેડ કવાર્ટર તરફ આગ જવાની મનાઈ રહેશે. આવી મુકિત બપોરના ૧૪-૦૦ થી ૧૬-૦૦ સુધી મુકિત રહેશે.

૫) ૧૧ - પટેલ કોલોની ઔધોગીક વિસ્તારમાં જવા માટે બેડેશ્વર તરફથી ગાંધીનગર રેલ્વે ફાટક, બ્રુક બોન્ડ થઈ ગાંધીનગર મેઈન રોડ પરથી પ્રવેશવાની મંજુરીએ શરતે રહેશે કે, સદરહુ વિસ્તાર સિવાય પંડિત નહેરૂ માર્ગ તરફ અને પટેલ કોલોની કે અન્ય કોઈ રહેણાંક વિસ્તાર તરફ આગળ જવાની મનાઈ રહેશે. આવી મુકિત બપોરના ૧૪-૦૦ થી ૧૬-૦૦ સુધી રહેશે.

૬) ગ્રેઈન માર્કેટ અને સુભાષ શાક માર્કેટમાં માલ વાહક ભારે વાહનોને જવા માટે બપોરના ૧૪-૦૦ થી ૧૬-૦૦ સુધી મુકિત રહેશે.

૭) જામનગર શંકરટેકરી, જી.આઈ.ડી.સી.ના વિસ્તારમાં જવા માટે ખંભાલીયા-રાજકોટ તરફ અવર-જવર માટેના રીંગરોડ ( બાયપાસ ) ઉપરથી સાંઢીયા પુલ પાસેથી હરીયા કોલેજ તરફથી ગોકુલનગર જકાતનાકા પાસેથી ઉદ્યોગનગરમાં વાહનો જઈ શકશે. આવા વાહનોને શંકરટેકરી ઉદ્યોગનગર સિવાય અન્ય કોઈ વિસ્તારો તરફ જવાની મનાઈ રહેશે.

૮) શહેરમાં પીવાનું પાણી પુરુ પાડતા ટેન્કરોને બપોરના ૧૪-૦૦ થી ૧૬-૦૦ કલાક સુધી મુકિત રહેશે.

૯) આર.સી.સી.નો તૈયાર માલ કન્સ્ટ્રકશન સાઈટ પર પહોંચાડવા માટે બપોરના ૧૪-૦૦ થી ૧૬-૦૦ કલાક સુધી મુકિત રહેશે.

૧૦) રેતી, કપચી અને અન્ય બિલ્ડીગ મટીરીયલ સપ્લાય માટેના વાહનોને બપોરના ૧૪-૦૦ થી ૧૬-૦૦ કલાક સુધી મુકિત રહેશે.

૧૧) અનિવાર્ય હોય તેવા કિસ્સામાં એક વખત પુરતી ટેમ્પરરી મંજુરી આપવા માટે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર)ને અધિકૃત કરવામાં આવે છે. તેઓ માંગણીનું વ્યાજબીપણું લક્ષમાં લઈને યોગ્ય મંજુરી આપી શકશે.મામલતદારશ્રી મુખ્ય મથકે હાજર ન હોય ત્યારે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર)ને અને તેમની અનુપસ્થિતિ હોય ત્યારે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી,જામનગરને આવી મંજુરી આપવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કે ઉલંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૧ અથવા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે પ્રતિબંધિત વિસ્તારોની જાહેર જનતાને/ વાહન ચાલકોને સરળતાથી જાણકારી મળી રહે તે માટે જે તે જગ્યાએ સ્પષ્ટ રીતે જોઈ શકાય તેવા યોગ્ય સાઈઝના બોર્ડ પ્રવેશબંધીના સમયની વિગતો સાથે મહાનગરપાલિકા, જામનગર અને કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (રાજય) જામનગરએ પોત–પોતાના હદ વિસ્તારમાં મુકાવવાના રહેશે. આ કામગીરી પોલીસ ઈન્સ્પેકટરશ્રી, ટ્રાફીક શાખાના પરામર્શમાં રહીને દિવસ –૧૫ માં પુર્ણ થાય તે જોવું.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ થાય તે માટે તેની બહોળી પ્રસિધ્ધી અખબારો અને કેબલ ટી.વી. માં કરાવવી.

આજ તા.૨૦ મી માહે : જુલાઈ –૨૦૧૧ ના મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયુ.

રવાના કર્યુ :– તા.૨૦ /૭/૨૦૧૧

સહીઃ– સંદીપ કુમાર
જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

(સહી)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના :–

૧. કમિશ્નરશ્રી, મહાનગરપાલીકા, જામનગર.
૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી,જામનગર.
૩. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.
૪. સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ..................(તમામ)
૫. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જામનગર શહેર/ગ્રામ્ય/ખંભાલીયા.
૬. મામલતદારશ્રી, ...............................(તમામ)
૭. પોલીસ ઈન્સ્પેકટરશ્રી, ટ્રાફીક શાખા, જામનગર.... જાણ તથા બહોળી પ્રસિધ્ધી માટે.
૮. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર
   વધારાની ૧૦ નકલો સહ વર્તમાનપત્રોમાં સમાચાર રૂપે બહોળી પ્રસિધ્ધી કરાવવા સારૂ
૯. વ્યવસ્થાપકશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.....
   સદરહુ જાહેરનામાની ૨(બે) નકલો સામેલ છે. આ જાહેરનામુ સરકારી અસાધારણ રાજય પત્રમાં પ્રસિધ્ધ કરી તેની ૫ નકલો અત્રેને મોકલવા વિનંતી સહ.
૧૦. મામલતદારશ્રી, મનોરંજનકર, જામનગર.
   આ જાહેરનામાની સ્થાનિક કેબલ ટીવીમાં સમાચાર સ્વરૂપે પ્રસિધ્ધી કરાવવા સારૂ.

નકલ સવિનય રવાના :–

૧. પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.... જાણ સારૂ.
૨. ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર..... જાણ સારૂ.

આવક નંબર 530/11
પોલીસ ઈન્સપેકટર
ટ્રાફિક શાખા, જામનગર
તા. 21/7/11 (સહી) ASI

નં.ડીએમ/ડીસીએચ/૪૧૧૮/૨૦૧૧
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી
જામનગર.

## ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૩(૧)(ખ) હેઠળનુ સુધારા જાહેરનામ

૧. જામનગર શહેરમાં માલવાહક ભારે વાહનોને પ્રવેશવા ઉપર નિયત્રંણ ફરમાવવા અંગે તા.૨૦/૭/૨૦૧૧ થી સરખા ક્રમાંકનું જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે. જે જાહેરનામા અન્વયે જુદી–જુદી વેપારી સંસ્થાઓ તરફથી મળેલ રજુઆતો પરત્વે કાળજીપુર્વક વિચારણા કરીને માલવાહક ભારે વાહનોને શહેરમાં પ્રવેશવા ઉપરનો પ્રતિબંધ સવારે ૯–૩૦ થી ૧૩–૪૫ સુધી તેમજ સાંજે ૧૬–૪૫ થી ૨૧–૩૦ કલાક સુધીનો કરવામાં આવે છે. ફકત મુળ જાહેરનામાના અપવાદો પૈકી ક્રમ : ૨ થી ૬ અને ૮ થી ૧૦ માં જણાવ્યા મુજબના જ કિસ્સામાં જામનગર શહેરમાં પ્રવેશવા માટે ૧૪–૦૦ થી ૧૬–૦૦ કલાક સુધી મુકિત અપાયેલી છે, તે સમય ૧૩–૪૫ થી ૧૬–૪૫ સુધીનો કરવામાં આવે છે. ( અપવાદમાં જણાવ્યા સિવાયના અન્ય તમામ માલવાહક વાહનોએ રાજકોટ–ખંભાલીયા બાયપાસ રોડ ઉપરથી જ પસાર થવાનું રહેશે )

૨. ધી સીડઝ એન્ડ ગ્રેઈન મરચન્ટસ એસોસીએશન, જામનગરની તા.૨૬/૭/૨૦૧૧ ની રજુઆત તથા ગ્રેઈન માર્કેટની વ્યાપાર વ્યવસ્થા/ પધ્ધતિ અંગે થયેલ રજુઆત લક્ષમાં લઈ ફકત ગ્રેઈન માર્કેટમાં આવતા–જતા વાહનો માટે અપવાદ નં. ૬ માં નીચેની વિગતે સુધારો જાહેર કરવામાં આવે છે.

ગ્રેઈન માર્કેટમાં સવારે ૯–૩૦ કલાક સુધીમાં અંદર આવી ગયેલ હશે તેવા વાહનો સવારે ૯–૩૦ થી ૧૧–૩૦ કલાક સુધી ગ્રેઈન માર્કેટના વિસ્તાર જેવા કે, બારદાન વાળા રોડ, ચેમ્બર રોડ, ખાંડ બજાર, તંબોલી માર્કેટ, પશુ દવાખાના રોડના વિસ્તારમાં લોડીંગ–અનલોડીંગ કરી શકશે. ગ્રેઈન માર્કેટ વિસ્તારમાં આવા વાહનોના યોગ્ય પાર્કીંગ માટે ટ્રાફીક પોલીસ ઈન્સ્પેકટરશ્રીના પરામર્શમાં રહીને પીળાપટ્ટા ગ્રેઈન મરચન્ટ એસોસીએશન મારફતે કરાવવાના રહેશે. તમામ વાહનોનું પાર્કીંગ એ રીતે કરવાનું રહેશે કે, કોઈપણ પ્રકારના ટ્રાફીકને અડચણરૂપ ન થાય. તેમજ આવા વાહનો પ્રતિબંધના સમય દરમ્યાન ઉતરે ત્રણ દરવાજાની બહાર જઈ શકશે નહી, દક્ષિણે રણજીત રોડ તરફ જઈ શકશે નહી, પુર્વે તંબોલી માર્કેટથી બહાર જઈ શકશે નહી અને પશ્ચિમે આવેલ રહેણાંક વિસ્તારમાં જઈ શકશે નહી.

૩. ભવિષ્યમાં જામનગર શહેરના થનાર વિકાસ અને તે કારણે અકસ્માતો તથા ટ્રાફીકની બદલાતી હંગામી કે કાયમી પરિસ્થિતિને ધ્યાને લઈ વાહનોના પ્રવેશ અને પાર્કીંગ બાબતે અત્રેથી જે કોઈ સુધારા જાહેર કરવામાં આવે તેને આધિન રહેવાની શરતે ઉપરોકત સમય સુધારવામાં આવેલ છે.

૪. ઉપર સિવાય મુળ જાહેરનામાની અન્ય તમામ બાબતો યથાવત લાગુ પડશે.

૫. વધુમાં જામનગર શહેરમાં ભારે વાહનોની પ્રવેશબંધી અંગે જાહેરનામા ક્રમાંકઃ ડીએમ–ડીસીએચ–૧૫૫૭/૯૩, તા.૨૯/૪/૧૯૯૩ નું અમલમાં છે. જે અનુસંધાને આથી જાહેર કરવામાં આવે છે કે, માલવાહક ભારે વાહનોને હવેથી અત્રેના તા.૨૦/૭/૨૦૧૧ ના જાહેરનામા ક્રમાંકઃ ડીએમ/ડીસીએચ /૪૧૧૮/૨૦૧૧ ના નિયંત્રણો લાગુ પડશે.

આજ તા.૨૯મી માહે : જુલાઈ–૨૦૧૧ ના મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

પ્રતિ,
૧. કમિશ્નરશ્રી, મહાનગરપાલીકા, જામનગર.
૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી,જામનગર.
૩. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.
૪. સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર)
૫. નાયબ પોલીસ અધિક્ષક, જામનગર(શહેર)

૬૬૬/૧૧

...૨

૬. મામલતદારશ્રી, જામનગર(શહેર)
૭. પોલીસ ઈન્સ્પેકટરશ્રી, ટ્રાફીક શાખા, જામનગર.... જાણ તથા બહોળી પ્રસિધ્ધી માટે.
૮. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર
વધારાની ૧૦ નકલો સહ વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી કરાવવા સારૂ
૯. વ્યવસ્થાપકશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.....
સદરહુ જાહેરનામાની ૨(બે) નકલો સામેલ છે. જે જાહેરનામું સરકારી અસાધારણ રાજયપત્રમાં પ્રસિ
કરી તેની ૫ નકલો અત્રેને મોકલવા વિનંતી સહ.

<u>નકલ સવિનય રવાના :–</u>
૧. પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.... જાણ સારૂ.
૨. ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર..... જાણ સારૂ.